'મારી ભાષા ગુજરાતી' ઓનલાઇન વર્તમાન શ્રેણીના અંતિમ અંકમાં

# ગુજરાતી ભાષાની શુદ્ધતા અને પ્રવાહિતા જાળવણી વિષે વિચારગોષ્ઠી યોજાઈ

ગાંધીનગર, તા.૧

'દરેક વસ્તુનો અંત હોય અને છતાં અંતિમ કશું નથી હોતું કેમકે નવસર્જન થતું રહે છે. આજનો અંત થયા વિના આવતી કાલ આવતી નથી એમ જ કોઈ પ્રક્રિયાનો અંત આવે તો નવા સ્વરૂપે નવી બાબતો પણ આવે. પરંતુ ભાષાના અંત વિષે વિચાર સુદ્ધાં કરવો આંચકો આપતી બાબત છે. આપણી ભાષામાં આપણી ભાષા વિષે વિચારણા નહિ કરવામાં આવે તો એનું ય અસ્તિત્વ જોખમાય છે.' દિલ્હીના પીઢ વિચારક અને ગુજરાતી અગ્રણી વડીલ વિનોદ પટેલે રવિવારે એક વર્ચ્યુઅલ સભામાં આમ કહ્યું. 'મારી ભાષા ગુજરાતી' તુષાર ઉપાધ્યાયે કહ્યું કે પચીસ વરસ અગાઉ રાજધાનીમાં સ્થાયી થયેલ ત્યારથી જ ગુજરાતીઓ વચ્ચે રહેવાનું તો થયું પરંતુ ગુજરાતી ભાષા વ્યવહારમાં બહુ ઓછી ને ભાગ્યે જ વપરાતી જોઈને આશ્ચર્ય અને અકળામણ થતી. અને આજે પા-સો વરસના લાંબા ગાળે સ્થિતિ એવી ને એવી અથવા તો વધુ વણસેલી યાને ગુજરાતી બોલચાલ વ્યવહારમાં બહુ ઓછું છે, એ બિનગુજરાતી પ્રાંતમાં રહેતા ગુજરાતીઓ માટે ખરેખર તાતી ચિંતાનો વિષય છે. 'હાસ્યલેખક રમેશ ચાંપાનેરી 'રસમંજન' આ ઓનલાઇન મંચ પર પોતાના કાર્યક્રમોની ભાગીદારીનો ઉલ્લેખ




ઓનલાઈન કાર્યક્રમને વીસ અંક પછી વિરામ આપવા નિમિત્તે યોજાયેલ ચર્ચાસભામાં એકત્ર થયેલ વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ માતૃભાષા ગુજરાતીની વ્યવહારમાં જાળવણી વિષે ગંભીર ચિંતન કર્યું હતું.

ભરૂચના જાણીતા કેળવણીકાર, લેખક અને વિચારક રણછોડ શાહે કહ્યું કે 'ગુજરાતી ભાષામાંથી ઘણા તળપદી શબ્દો વિલુપ્ત થઈ ગયા છે કેમકે શૈક્ષણિકથી માંડીને વ્યવસાયિક અને સામાજિક સુધીનાં તમામ ક્ષેત્રે આધુનિકતાના પ્રવાહમાં બીજી ભાષાઓનો પ્રભાવ ઘણો વધી ગયો છે. ગુજરાતી ભાષા એમાં ઢંકાતી જતી હોય, ગૂંગળાતી જતી હોય એવું વાતાવરણ છે. એવા સમયે 'મારી ભાષા' જેવા સાપ્તાહિક ઉપક્રમ ભાષા સંવર્ધનની દિશામાં બહુ મહત્વનું યોગદાન કરે છે.' સૌપ્રથમ અંકથી આ ઓનલાઇન મંચ પર હાજરી થકી સક્રિય રહેલા શ્રી શાહે ઉમેર્યું કે 'મારી ભાષા ગુજરાતી કાર્યક્રમે નિયમિત રીતે વીસ અંક પૂરા કર્યા જેમાં વિષયોની ખૂબ વિવિધતા રહી છે.' વિચારક મીતા સંઘવીએ જણાવ્યું કે 'આ ઉપક્રમ બંધ નહિ થવો જોઈએ અને એમાં વિશેષ કરીને યુવાનો જોડાય એ માટે સૌએ સામૂહિક પ્રયાસો કરવા જોઈએ. કેમકે આપણી નવી પેઢી જ આપણી પરંપરાની વાહક છે જે હાલ માતૃભાષાથી ઘણે દૂર થઈ ગયેલ છે.' દિલ્હી બ્રહ્મસમાજના અગ્રણી કરતાં બોલ્યા કે 'આ સાપ્તાહિક આયોજન ગુજરાતી પ્રતિભા વિકાસ માટે એક મજબૂત સહાયક મંચ છે જેમાં સર્જનાત્મક કલાક્ષેત્રના કોઈપણ કલાકારને અભિવ્યક્તિના અવસર અપાય છે. વાસ્તવમાં આ ઉપક્રમ એક વટવૃક્ષ સમાન બની ગયો જેની જેની છાયામાં માતૃભાષાની મહેક માણવાનો તેમ જ ગરિમામય શીતળતાનો અનુભવ થાય છે.

'મારી ભાષા ગુજરાતી' કાર્યક્રમના આયોજક-સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે કહ્યું કે દિલ્હીના ગુજરાતીઓમાં માતૃભાષા પ્રવાહિતા જળવાઈ રહે તે માટે આ કાર્યક્રમ શરુ કરાયેલો અને ગુજરાતી સાચું બોલાય, લખાય અને વંચાય એવો હેતુ આની પાછળ રહ્યો છે પરંતુ સમયાંતરે આમાં દિલ્હીના બદલે ગુજરાત અને અન્ય સ્થળોએથી વધુમાં વધુ લોકો જોડાયા ગયા.' બિનગુજરાતી પ્રદેશમાં ગુજરાતી ભાષા સંવર્ધન વિષે હાલની નિરાશાજનક યા બેપરવા સ્થિતિ તરફ વેધક આંગળી ચીંધતાં તેમણે કહ્યું કે ભાષાને ભુલાતાં અને ભૂંસાતાં વાર લાગે છે પણ ગુજરાતી ભાષા એક એવી વિશિષ્ઠ ભાષા છે કે ભુલાઈ ગયા પછી દુનિયાની બીજી કોઈ ભાષાના માધ્યમે ગુજરાતી શીખી નહિ શકાશે. દિલ્હીથી દશરથલાલ શાહ, મનોજ બારોટ, રેણુકા બારોટ, રાજેશ પટેલ, તૃષા જાની રાવલ, યોગેશ અવસ્થી વગેરેએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં એ.એસ. દવેનો નિવૃત્ત-વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો





ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા-શિહોલી કેળવણી મંડળ સંચાલિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાના પટાંગણમાં માધ્યમિક વિભાગના શિક્ષક એ.એસ. દવેનો વિદાય-શુભેચ્છા સન્માન સમારોહ શાળા પરિવાર દ્વારા યોજાયો હતો. મુખ્ય મહેમાન પદે સ્વામી ચૈતન્ય સ્વરૂપ દાસજી દેવસ્વામીજી, બાલસ્વરૂપદાસ સ્વામી તથા અતિથિપદે સુરેશભાઈ ગઢવી વગેરે ઉપસ્થિત રહી નિવૃત્ત શિક્ષક એ.એસ. દવે શિક્ષક ધર્મની સાચા દિલથી ભૂમિકા બજાવનાર અને સાચા કર્મયોગીનું બિરૂદ આપી વિશેષ બહુમાન કર્યુ હતુ. આ પ્રસંગે તમામ મહાનુભાવો અને મહેમાનોને પુસ્તક અર્પણ કરી સ્વાગત કર્યુ હતુ.

નિવૃત્ત થયેલ એ.એસ. દવેને કેળવણી મંડળના સભ્યો રામાભાઈ પટેલ, શામળભાઈ પટેલ તથા ગ્રામજનોમાં નટુભાઈ પટેલ પત્રકાર, જૈમિન પટેલ તથા જયંતિભાઈ પટેલ ઉપસ્થિત રહી ભેટ અર્પણ કરી હતી. શાળા પરિવાર દ્વારા દવે સાહેબને સન્માનપત્ર, ભેટ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ત્યારબાદ સહ શિક્ષકોએ પોતાના પ્રસંગો-સંસ્મરણો-વિચારો વાગોળ્યા હતા. તમામ સ્ટાફ પરિવારે દવે સાહેબને મહાનુભાવોના હસ્તે શ્રીફળ-સાકર, શાલ ઓઢાડી ભેટ સોગાદ અર્પણ કરી ઋણ અદા કરવામાં આવી હતી. નિવૃત થયેલ એ.એસ. દવેનું શેષજીવન હરહંમેશ સમાજ-ધાર્મિક શૈક્ષણિક સેવાર્થે વ્યતિત થાય અને તેઓનું સ્વાસ્થ્ય તંદુરસ્ત નિરોગી નિરામય બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે આજુબાજુ શાળાના આચાર્યો, શિક્ષકો વગેરે ઉપસ્થિત રહી બહુમાન કરી ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. અંતમાં આભારવિધિ એચ.એચ. પટેલે કરી હતી.

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા 'મીરા' વિષય પર ઓનલાઇન ગુજરાતી કવિ સંમેલન









ગાંધીનગર, તા. ૧

કૃષ્ણ ભક્ત મોહમાયાનો ત્યાગ કરનાર શ્રીસંત રવિદાસની શિષ્યા મીરાબાઈ વિશે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા મીરાંબાઈના જન્મ દિવસ નિમિતે તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ સાંજે ચાર વાગ્યે ઑનલાઈન ગુજરાતી કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અંદાજીત ૩૫ જેટલા કવિઓ ભાગ લીધો. આ સંમેલનનું ઉદ્‌ઘાટન આદરણીય વિજય તિવારી અધ્યક્ષ સાહિત્ય સેવા સેતુ અમદાવાદ, પ્રસિધ્ધ સાહિત્યકાર દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે લેખિકા પ્રોફેસર ડૉ મંજુરાની (દિલ્લી વિશ્વ વિધાલય) જેમને મીરા વિશે પુસ્તક લખ્યું છે. સંદિપ પટેલ 'કસક' વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહી મંચ શોભાવ્યું હતું. તેઓ વ્યવસાયે વિજ્ઞાન શિક્ષક, સાહિત્યકાર ને કોલમિસ્ટ છે.

આ કાર્યક્રમનું સંચાલન સચિવ રમેશભાઇ મૂલવાણી (અમદાવાદ) દ્વારા કરવામાં આવ્યું આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલે અતિથિઓનું શબ્દો રૂપી ફૂલોથી સ્વાગત કર્યું હતું

## જન્મદિને વધામણી



ઉષાબેન એમ ચૌહાણ
કન્વીનર માતૃભૂમિ યુવા શક્તિ કેન્દ્ર



જુહી થાનકી



પટેલ અલ્પેશભાઈ
રાધે-રાધે પરિવાર



યોગિતાબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



મીરાબેન એસ દવે
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬

# બાળકના બાળપણનો ધબકાર : રમકડાં

બાળક ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે અને રમકડાં બાળકના બાળપણનો ધબકાર છે. પ્રત્યેક



પરિવારનું બાળક રમકડાંથી રમ્યું હશે. રમકડાં બાળકના વિકાસપથનાં નાનાં નાનાં ઉપકરણ છે. બાળક રમકડાં સાથે વાતો કરે છે, રમે છે, કલ્પનાઓ કરે છે અને રમકડાંને પ્રેમ કરતો મોટો થાય છે.

બાલ્યકાળ મનુષ્યના જીવનનો સુવર્ણકાળ છે. એ સમયમાં એના જીવનાકાશમાં આનંદ જ આનંદ વ્યાપેલો હોય છે. દુન્યવી દોષો એને સ્પર્શ્યા હોતા નથી. એક વર્ષનું ભાંખોડિયા ભરતું બાળક રમકડાંને પોતાનો પરિવાર બનાવે છે. રમકડાં એના નિકટના સાથી છે. પોતાની માતા સાથે લાડ કરવા, ભાંગી-તૂટી અને કાલીઘેલી ભાષામાં વાતો કરવી એ એના માટે નિકટનો ઉપક્રમ છે. એવી જ કાલીઘેલી ભાષામાં એ રમકડાં સાથે વાતો કરે છે.

તાજેતરમાં ૩૦ ઑગસ્ટ, ૨૦૨૦ના દિવસે રવિવારે પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમકડાંના વણસ્પર્શ્યા અને ભુલાઈ ગયેલા વિષયને સ્પર્શ કર્યો. જાણે દેશભરમાં બાળકનું બાળપણ રમકડાંના માધ્યમથી ચેતનવંતું થઈ ગયું હોય તેમ અનેક લોકો સ્પંદિત અને આનંદિત થઈ ગયા. રમકડાંનું નિર્માણ કરનારા દેશભરના કલાકારોની કળામાં સળવળાટ થયો. રમકડાંના ક્ષેત્રે પ્રાણ ફૂંકાયો. દેશના સૂત્રધારે રમકડાંના ક્ષેત્રે આત્મનિર્ભર થવાની પ્રેરણા આપી.

જો રમકડાંના ક્ષેત્રે નવસર્જનની ક્રાંતિ સર્જાશે તો આપણા દેશના બાળકો રમતાં રમતાં આપણાં સાંસ્કૃતિક મૂલ્યો, વિવિધતામાં એકતાનું તત્ત્વજ્ઞાન, દેશનો ઈતિહાસ, વિજ્ઞાન, ખગોળ, ગણિત અને ટેક્નોલોજી જેવી અનેક બાબતો શીખશે.

બાળકોમાં રમકડાંથી ખીલશે સર્જનશીલતા, કલ્પકતા અને ક્રિયાશીલતા. બાળક એવી રમતોમાં પ્રવૃત્ત થાય છે કે જેમાં તે પોતાની પાસે ઉપલબ્ધ રમકડાં સાથે સંવાદ કરે છે, વાતો કરે છે. એમાં તે પોતે રમકડાં સાથે એક પાત્ર બની જાય છે.

બાળકનું પોતાનું વિશિષ્ટ ભાવવિશ્વ હોય છે. એ પોતાની અનોખી દુનિયા બનાવી એમાં રાચતું હોય છે. આવા સમયે એને કેવાં રમકડાં રમવા માટે આપવાં જોઈએ એનો જો વિશદ અભ્યાસ માતાપિતા કરે તો બાળકનો વિકાસ ઝડપી થાય છે. અત્યારે બાળકને મોટા આકારનું ટેડીબેર જેવું રમકડું આપી દેવાની ફેશન ચાલે છે. તેને છાતીએ વળગાડીને બાળક ફર્યા કરે છે, સૂઈ જાય છે. પરિણામે એ આળસુ અને નિષ્ક્રિય થઈ જાય છે. રમકડું એવું આપવું જોઈએ કે એના શરીર-મનનાં ચક્રો ગતિમાન થઈ જાય. એની પાછળ એ દોડતું થઈ જાય.

અત્યારના યુગમાં મોબાઈલે રમકડાનું સ્થાન પચાવી પાડ્યું છે. સાવ નાનું બાળક પણ ત્યારે જ મોંમાં કોળિયો નાખે જ્યારે મોબાઈલ એની સામે હોય. આવાં દશ્ય જોઈએ ત્યારે વિચાર આવે કે આમાં વાંક કોનો ? બાળકનો કે માતાનો? બાળકને જ્યારે મોબાઈલનો પરચો કે પરિચય કરાવવામાં આવે છે ત્યારે એ એનો પીછો છોડતું નથી. માતા પાસે ઘરનાં અનેક કામો હોય અને બાળકને ખવડાવી દેવાનું કામ ઝડપથી પતાવી દેવાની લ્હાયમાં મોબાઈલનો ટૂંકો રસ્તો અપનાવે છે જે લાંબે ગાળે બહુ નુકસાનકારક નીવડે છે.

આનો વિકલ્પ એ કે રમકડાં ભારતની પ્રકૃતિ-સંસ્કૃતિને અનુરૂપ પણ આનંદમૂલક હોવાં જોઈએ. રમકડાં સાથે બાળકની સૌંદર્યદષ્ટિ



પણ વિકસતી રહે તે જરૂરી છે. રમકડાંનાં ઐતિહાસિક પાત્રો બતાવી માતા જો વાર્તા/કથા કહે તો બાળકને એનો અનન્ય આનંદ આવશે. દેશના મહાપુરુષો અને વીર બાળકોનાં રમકડાં સાથે એમનો ઈતિહાસ અને રોચક પ્રસંગો જો સરસ રીતે કહેવામાં આવે તો રમકડાં સાથેનો બાળકનો સંબંધ અને સેતુ જળવાઈ રહેશે.

આપણા દૈનિક જીવન સાથે પૂરક અને ઉપયોગી એવી અનેક વ્યક્તિઓનો પરિચય પણ આપણે રમકડાં દ્વારા કરાવી શકીએ.

છાપાવાળો ફેરિયો, દૂધવાળો, શાકભાજીની દુકાનવાળો, લુહાર, કુંભાર, સોની, શિક્ષક જેવાં અનેક મહત્ત્વનાં પાત્રો આપણા જીવનનું અભિન્ન અંગ છે. એમનો પરિચય રમકડાં દ્વારા કરાવી સામાજિક વિજ્ઞાન સાથે બાળકને જોડી શકાય. ખેતી કરતા જમીન ખેડતા ખેડૂતનું રમકડું બાળકના હાથમાં આપી અનાજનું મહત્ત્વ સમજાવી શકાય. જે મહાપુરુષોની જન્મતિથિ કે પુણ્યતિથિ આવતી હોય તેમનું રમકડું બતાવી એમનો પરિચય કરાવી ભારતના મૂળ સાથે જોડી શકાય. શરીરનાં અંગોનું નિદર્શન કરતાં કરતાં શરીરવિજ્ઞાન સમજાવી શકાય. યોગનાં વિવિધ આસનોવાળાં રમકડાં દ્વારા બાળકને યોગના વિષય સાથે પણ જોડી શકાય.

ભારતનું માનચિત્ર (નકશો) દર્શાવતું રમકડું હોય તો તેના દ્વારા ભૂગોળ અને "એક ભારત : શ્રેષ્ઠ ભારત"ની સંકલ્પના સમજાવી શકાય. એવી જ રીતે મા. પ્રધાનમંત્રીશ્રીના એક અત્યંત મહત્ત્વના સૂત્ર

"Fit India"ને પણ રમકડાના સ્વરૂપે સુંદર રીતે પ્રસ્તુત કરવું પ્રેરણાસ્પદ બની શકે. ભારતના મહાન ઋષિ-મુનિ-સંત-સિદ્ધ એવાં નર-નારી રત્નોનાં રમકડાં દ્વારા ભવ્ય-દિવ્ય ભારતનું દર્શન બાળકને કરાવી શકાય. ચંદ્રયાન અને મંગળયાનની સિદ્ધિઓ દર્શાવતાં રમકડાં બાળકમાં જિજ્ઞાસા અને કુતૂહલ પેદા કરશે. ગ્રહોની ગતિ સમજાવતાં રમકડાં બતાવવાથી બાળક ખગોળ જેવા વિષય સાથે જોડાશે અને બ્રહ્માંડની વિશાળતાનો ખ્યાલ મેળવશે.

આમ, સ્વદેશી સામગ્રીથી નિર્માણ કરેલાં રમકડાં શિક્ષણનું સબળ માધ્યમ તો બનશે, પણ આત્મનિર્ભરતા અને દેશભક્તિનો પર્યાય પણ બનશે.

રમકડાં-નિર્માણની પ્રક્રિયા મજબૂત બનાવવાથી ચાર શક્તિઓનો વિકાસ થશે.

(૧) સર્જનશક્તિ (૨) બાલશક્તિ (૩) પરિવારશક્તિ અને (૪) અર્થશક્તિ.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી જ્યારે બાળકોના સર્વાંગી વિકાસનું ચિંતન-મનન અને સંશોધનકાર્ય કરી રહી છે ત્યારે રમકડાના નવસર્જનના વિષય કેવી રીતે વણસ્પર્શ્યો રાખી શકે ? યુનિવર્સિટી રમકડાંના શાસ્ત્ર પર સઘનપણે કામ કરી રહી છે. આ ક્ષેત્રના અનુભવીઓ, સર્જકો અને સ્વપ્નશીલ લોકો જો કંઈ પ્રદાન કરી શકે તેમ હોય તો તેમણે યુનિવર્સિટીના ડૉ. નિમિષ વસોયાનો ૯૭૨૩૪૩૨૦૦૮ પર સંપર્ક કરવો.

ચાલો, આપણે બધા રમકડાના આ મહાન શાસ્ત્ર સાથે જોડાઈએ અને ભારતના આત્માને ઢંઢોળવાનો પુરુષાર્થ આરંભીએ.

હર્ષદ પ્ર. શાહ
કુલપતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
ગાંધીનગર.

# આચાર્ય ડૉ.રવિ દર્શનજીના ચિત્રો ગોંડલ સ્થિત આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત થયા

ગોંડલમાં ભુવનેશ્વરી પીઠ વિશ્વવિખ્યાત છે. માતાજીની અપ્રતીમ સૌંદર્ય ધરાવતી પ્રતિમા બિરાજમાન છે. એના ગોપાલરત્ન આચાર્ય ઘનશ્યામજી મહારાજના ચિરંજીવી આચાર્ય ડો.રવિ દર્શનજી હોમિયોપેથીક ડોક્ટર, વિશ્વપ્રવાસી અને સાહિત્યરસિક એ સૌને ખબર હતી. પણ રાજા રવિ વર્મા 'ઘરાના'ના કહી શકાય એટલા અચ્છા ચિત્રકાર એ ખબર નહોતી. તાજેતરમાં વડોદરા કિર્તીમંદિર પેલેસ ખાતે ભવ્ય આર્ટ પ્રદર્શન કરેલ જેમાં નામદાર રાજમાતા સાહેબ શુભાંગીની રાજે, નામદાર મહારાજા સાહેબ તેમજ સમગ્ર ગાયકવાડ પરિવાર ઉપસ્થિત રહેલ અને તેમના કામને બિરદાવ્યું હતું.

તેમનું ચિત્ર "રામ વનવાસ"માં રામ સીતાનો રજવાડી ઠસ્સો



સાદગીના સૌન્દર્યમાં વીંટીને બતાવ્યો છે ને સાથે પ્રકૃતિના જાજરમાન રંગો એમણે દેખાડ્યા છે. મરૂનિશ ઝાંયથી તોફાની વાદળો ને પર્વત રંગ્યા દૂરના ને રામની પાછળ બ્રાઈટ બ્લ્યુ વસ્ત્ર એ ક્લાસિકલ મધ્યયુગનો યુરોપિયન ટચ. એમાં નાની નાની બાબતો ય ગૂંથી લીધી છે ને આખું બેકડ્રોપ જસદણના હિંગોળગઢ પેલેસ અભયારણ્યથી પ્રેરિત છે. પણ ચિત્રનો પ્રાણ છે એ રામના પગના અંગૂઠે બેઠેલું પતંગિયું જુઓ. જેને સીતા ય ઝૂકીને સ્નેહથી જુએ છે. એમાં નિસર્ગના ખોળે મળતો આનંદ તો છે જ અને રામનો વન્ય સંસ્કૃતિ માટે સહજ પ્રેમનો સ્વભાવ નિરૂપતો સ્પર્શ છે. 'બીજું ખાસ ભલે કશું નથી, રાજપાટ કે રસાલો નથી. પણ સકળ સૃષ્ટિમાં અત્યારે આપણે બે તો છીએ ને સાથે' - એ યુગલત્વના પ્રેમનું પ્રતીક પણ પતંગિયું છે. અહીં શસ્ત્રો ને આક્રોશને સ્થાન નથી એવો આ મૌન સંવાદ છે. અને સાથોસાથ ચિત્રકારની નજરે એ જીવનના નાના નાના આનંદ "little moments of joy" નું પ્રતીક છે. મોટા મહેલો ને વિજયો નહિ, પણ એક ખરેલા સુંવાળા પીંછાને સ્પર્શવાનો, કે તરસ લાગે ને પાણીનો ઘૂંટડો ભરી તૃપ્તિ અનુભવવાનો આનંદ. જે બે પ્રિયજનને નગરના કોલાહલથી દૂર વન્ય એકાંતમાં ય હર્યાભર્યા રાખે એ મધુરી મજાઓ.

આવા અનેક અદભુત ચિત્રો રામાયણ, મહાભારત તથા આપણા ભારત વર્ષના ધાર્મિક ગ્રંથોમાં દર્શાવેલ પાત્રોને ઈન્ડો વેસ્ટર્ન સ્ટાઈલમાં તેમની ગોંડલ સ્થિત આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત કર્યા છે.